# 28મેનારોજRTEનાંબીજા રાઉન્ડની જાહેરાત થશે

**23થી** 25 મે દરમિયાન કરવાનું રહેશે ચોઇસ ફિલિંગ

**3 જૂન** સુધી પ્રવેશ કન્ફર્મ કરાવવો ફરજિયાત

સુરતઃ રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ ખાનગી શાળાઓમાં ધોરણ-1માં પ્રવેશ માટે બીજા રાઉન્ડની જાહેરાત કરવામાં આવી છે. પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ ન મળેલા વિદ્યાર્થીઓના વાલીઓ માટે હવે બીજી તક આપવામાં આવી છે. વાલીઓએ આગામી 23થી 25 મે દરમિયાન ઓનલાઈન ચોઈસ ફિલિંગ કરીને શાળાની પસંદગી કરવાની રહેશે. ત્યારબાદ 28 મેના રોજ બીજા રાઉન્ડનું પરિણામ જાહેર કરવામાં આવશે.

શૈક્ષણિક વર્ષ 2026-27 માટે હાલ આરટીઈ હેઠળ પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. ગત 15 મેના રોજ પ્રથમ રાઉન્ડ પૂર્ણ થયો હતો. પ્રથમ રાઉન્ડમાં સુરત શહેર અને ગ્રામ્ય વિસ્તાર મળીને કુલ 12,906 વિદ્યાર્થીઓના પ્રવેશ કન્ફર્મ થયા છે. જોકે 464 વાલીઓએ સમયસર પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ ન કરતા તેમની બેઠકો રદ ગણાઈ છે.

આંકડાઓ મુજબ સુરત શહેરમાં મંજૂર થયેલી 27,180 અરજીઓ સામે માત્ર 10,606 વિદ્યાર્થીઓને જ પ્રવેશ ફાળવાયો હતો. જેના કારણે હજુ અંદાજે 16,574 વાલીઓ બીજા રાઉન્ડની રાહ જોઈ રહ્યા છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં 6,290 મંજૂર અરજીઓમાંથી માત્ર 2,868 વિદ્યાર્થીઓને પ્રવેશ મળતાં હજુ 3,422 જેટલા વાલીઓ આશાવાદી બન્યા છે.

આ રીતે શહેર અને ગ્રામ્ય વિસ્તાર મળીને 20 હજારથી વધુ વાલીઓની નજર હવે બીજા રાઉન્ડ પર ટકેલી છે. શિક્ષણ વિભાગના સૂત્રો મુજબ બીજા રાઉન્ડમાં પણ ભારે હરીફાઈ જોવા મળે તેવી શક્યતા છે.

બીજા રાઉન્ડમાં જેમના બાળકોને પ્રવેશ ફાળવાશે, તેવા વાલીઓએ 3 જૂન સુધીમાં સંબંધિત શાળામાં જઈને પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે. જો સમયમર્યાદામાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ નહીં કરવામાં આવે તો બેઠકની ફાળવણી આપોઆપ રદ ગણાશે.

### સુરત જિલ્લા ખેડૂત સમાજે ધરણાની ચીમકી ઉચ્ચારી

# સુરત જિલ્લાના સેવણીમાં પાવરગ્રિડ વિરુદ્ધ ખેડૂતોમાં રોષ

**બિલ્ડરોના** ઇન્ડસ્ટ્રીયલ પ્રોજેક્ટ બચાવવા લાઇન બદલવામાં આવી : પરિમલ પટેલનો આક્ષેપ



સુરત, કામરેજ : સુરત જિલ્લાના કામરેજ તાલુકાના સેવણી ગામમાં પાવરગ્રીડની વટામણ-નવસારી વીજ ટ્રાન્સમિશન લાઇનને લઈ ખેડૂતોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. એક વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા આ પ્રોજેક્ટ દરમિયાન હવે જૂના સર્વે નંબર છોડીને નવા સર્વે નંબરના ખેડૂતોને નોટિસો અપાતી હોવાના આક્ષેપો વચ્ચે ખેડૂતોમાં અસંતોષ વ્યાપ્યો છે. ખેડૂતોનો આક્ષેપ છે કે તેમની સંમતિ વિના જ ખેતરોમાં ખાડા ખોદી કામગીરી શરૂ કરવામાં આવી રહી છે.

ખેડૂતો દ્વારા એવો પણ ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો હતો કે કેટલાક ઉદ્યોગપતિઓ અને પ્રભાવશાળી લોકોએ પૈસાની અને રાજકીય વગની અસરથી લાઈનનો રૂટ બદલાવ્યો છે. બીજી તરફ, પાવરગ્રીડના અધિકારીઓ બેઠક માટે ગામમાં આવવાના હોવાની જાણ થતાં પરિમલ પટેલ પણ સ્થળ પર દોડી ગયા હતા અને ખેડૂતોની હાજરીમાં અધિકારીઓને ખેડૂતોના ખેતરોમાં પ્રવેશ ન કરવા ચેતવણી આપી હતી.

પરિમલ પટેલે જણાવ્યું હતું કે સામાન્ય ખેડૂતના ખેતરની વચ્ચોવચ થાંભલો આવે ત્યારે થોડો પણ ફેરફાર કરવા અધિકારીઓ અનેક વાંધા દર્શાવે છે, પરંતુ અહીં આખેઆખી ટ્રાન્સમિશન લાઇન બિલ્ડરોના ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારથી ખસેડીને નાના અને અસહાય ખેડૂતોના ખેતરોમાં નાખવામાં આવી રહી છે, જે સ્પષ્ટ અન્યાય છે.

પરિમલ પટેલે ચેતવણી આપતા જણાવ્યું હતું કે ખેડૂતો સાથે થઈ રહેલો આ અન્યાય બિલકુલ સહન કરવામાં આવશે નહીં. જો પાવરગ્રીડ દ્વારા ખેડૂતોની માંગણીઓ અને વાંધાઓને અવગણવામાં આવશે તો અસરગ્રસ્ત સ્થળે જ ધરણા કરવામાં આવશે.

### VNSGU ખાતે 23મીએ મેગા રોજગાર ભરતી મેળો યોજાશે

સુરતઃ રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળની મદદનીશ નિયામક (રોજગાર) કચેરી, સુરત તેમજ વીર નર્મદ દ. ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે આગામી 23મીએ રોજ સવારે 10 કલાકે યુનિવર્સિટીના શ્રીમદ રાજચંદ્ર પ્રાર્થના હોલમાં મેગા રોજગાર ભરતી મેળો યોજાશે. ભરતી મેળામાં સુરત અને આસપાસના વિસ્તારના અંદાજે 20 જેટલા પ્રતિષ્ઠિત નોકરીદાતાઓ ઉપસ્થિત રહીને લાયક ઉમેદવારોની પસંદગી કરશે. શૈક્ષણિક લાયકાતમાં ધો-10 પાસ, 12 પાસ, આઈ.ટી. આઈ., ડિપ્લોમા, ગ્રેજ્યુએટ (સ્નાતક) તેમજ પોસ્ટ ગ્રેજ્યુએટ (અનુસ્નાતક) સુધીની લાયકાત ધરાવતા તમામ પ્રવાહના ફ્રેશર અને અનુભવી ઉમેદવારો આ ભરતી મેળામાં ભાગ લઈ શકશે. ઉમેદવારોએ ગુગલ ફોર્મની લિંક પર જઈને પોતાનું રજીસ્ટ્રેશન કરવું. ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, બાયોડેટા (રેઝ્યુમે) અને જરૂરી ડોક્યુમેન્ટસ સાથે નિયત સમયે અને સ્થળે ઉપસ્થિત રહેવા મદદનીશ નિયામકની યાદીમાં જણાવાયું છે.

# બિહાર-યુપી માટે 3 નવી સ્પેશિયલ ટ્રેનોની જાહેરાત

**મુસાફરોની** ભારે ભીડને પહોંચી વળવા અમૃત ભારત અને આધુનિક એલએચબી રેક સાથે દોડશે સાપ્તાહિક સમર સ્પેશિયલ ટ્રેનો

સુરત : ઉનાળાના વેકેશન દરમિયાન વતન જતા અને ફરવા નીકળતા મુસાફરોની વધારાની ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રેલવે પ્રશાસને મુસાફરોની સુવિધા માટે 'ટ્રેન ઓન ડિમાન્ડ' (TOD) યોજના હેઠળ 3 નવી સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનો દોડાવવા ની મંજૂરી આપી દીધી છે.

## ટ્રેન નંબર 1 : ઉધના-મધુબની

ઉધનાથી દર રવિવારે (24 અને 31 મે) રાત્રે 01 :30 કલાકે ઉપડી ને આગલા દિવસે સાંજે 16:15 કલાકે મધુભાની પહોંચશે. વળતી દિશામાં ટ્રેન નંબર 09046 મધુભાનીથી દર સોમવારે (25 મે અને 1 જૂન) સાંજે 18 :15 કલાકે ઉપડીને આગલા દિવસે બપોરે 13:45 કલાકે ઉધના પરત ફરશે.

## ટ્રેન નંબર 2 : ઉધના-ઝંઝારપુર

ટ્રેન નંબર 09047 ઉધનાથી દર રવિવારે (24 અને 31 મે) સવારે 05:30 કલાકે ઉપડશે અને બીજા દિવસે રાત્રે 20:30 કલાકે ઝંઝારપુર પહોંચશે. વળતી દિશામાં ટ્રેન નંબર 09048 ઝંઝારપુરથી દર સોમવારે (25 મે અને 1 જૂન) રાત્રે 22:30 કલાકે ઉપડીને ત્રીજા દિવસે બપોરે 13:45 કલાકે ઉધના પહોંચશે.

## ટ્રેન નંબર 3 : બાંદ્રા ટર્મિનસ-ગોરખપુર

ત્રીજી ટ્રેન નંબર 09157/09158 બાંદ્રા ટર્મિનસ - ગોરખપુર - બોરીવલી સ્પેશિયલ (સાપ્તાહિક) દોડશે. ટ્રેન નંબર 09157 બાંદ્રા ટર્મિનસ થી 24 મેના રોજ રવિવારે મધ્યરાત્રિએ 00:30 કલાકે ઉપડીને સોમવારે સાંજે 17:30 કલાકે ગોરખપુર પહોંચશે. જ્યારે વળતી દિશામાં ટ્રેન નંબર 09158 ગોરખપુરથી 26 મેના રોજ સોમવારે રાત્રે 20:30 કલાકે ઉપડીને મંગળવારે સવારે 11:30 કલાકે બોરીવલી સ્ટેશને પરત ફરીને પ્રવાસ પૂર્ણ કરશે.

## અજમેર અને જબલપુર માટેની સ્પેશિયલ ટ્રેનો કાયમી કરાઈ

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા જાહેર કરાયેલી સત્તાવાર અખબારી યાદી મુજબ, ટ્રેન સંખ્યા 19626 બાંદ્રા ટર્મિનસ-અજમેર સાપ્તાહિક એક્સપ્રેસ 25 મે2026 થી દર સોમવારે બાંદ્રાથી સવારે 08:35 કલાકે ઉપડશે. જ્યારે પરતમાં ટ્રેન સંખ્યા 19625 અજમેર-બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ 24 મે 2026 થી દર રવિવારે સવારે 06:35 કલાકે અજમેરથી ઉપડીને નિયમિત સેવા તરીકે દોડશે. આ ટ્રેન બોરીવલી, વાપી, વલસાડ, સુરત, વડોદરા, રતલામ, કોટા અને જયપુર થઈને દોડશે.

## પ્રયાગરાજ માટે નવી સુપરફાસ્ટ ટ્રેન શરૂ

ઉનાળાની ભીડને પહોંચી વળવા દાદર અને પ્રયાગરાજ વચ્ચે નવી સુપરફાસ્ટ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન (કુલ 16 ફેરા) શરૂ કરાઈ છે. ટ્રેન સંખ્યા 04140 દાદર-પ્રયાગરાજ સ્પેશિયલ 24મેથી 12 જુલાઈ 2026 સુધી દર રવિવારે મધ્યરાત્રિએ 00:15 કલાકે દાદરથી ઉપડશે અને પરતમાં ટ્રેન સંખ્યા04139 પ્રયાગરાજ-દાદર સ્પેશિયલ 22 મેથી 10 જુલાઈ2026 સુધી દર શુક્રવારે સાંજે 17:10 કલાકે પ્રયાગરાજથી ઉપડશે. આ ટ્રેન બોરીવલી, વાપી, સુરત, વડોદરા, રતલામ, કોટા, આગ્રા અને ઇટાવા થઈને જશે.

## મુંબઇથી ઇન્દોર અને અમદાવાદ દોડતી વિશેષ ટ્રેનોના ફેરા લંબાવાયા

રેલવે પ્રશાસન દ્વારા મુસાફરોની ભારે ભીડને જોતાં મુંબઈ સેન્ટ્રલ-ઈન્દોર દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ (ટ્રેન નં. 09085/09086) ના ફેરા અનુક્રમે 27 અને 28 જુલાઈ2026 સુધી લંબાવ્યા છે. તેમજ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ (ટ્રેન નં. 09087/09088) ના ફેરા પણ અનુક્રમે 29અને 30 જુલાઈ 2026સુધી લંબાવવામાં આવ્યા છે. પ્રયાગરાજ સ્પેશિયલ ટ્રેન (04140) નું બુકિંગ 22 મેથી અને ફેરા લંબાવવામાં આવેલી અન્ય ચાર ટ્રેનોનું બુકિંગ 23 મે 2026થી તમામ પીઆરએસ (PRS) કાઉન્ટરો અને આઈઆરસીટીસી (IRCTC) ની સત્તાવાર વેબસાઇટ પર શરૂ થઈ જશે.

# VNSGU હવે ગ્લોબલ જોબ માટે વિદ્યાર્થીને તૈયાર કરશે

**PM USHA** યોજના હેઠળ હાઈ-ટેક STEM કોર્સોને મંજૂરી

**સુરતને** મળશે 'ફ્યુચર સ્કિલ્સ'નું નવું એજ્યુકેશન હબ

સુરતઃ VNSGU આગામી સમયમાં પોતાનું કેમ્પસ જ "ગ્લોબલ કેરિયર હબ" તરીકે વિકસાવવા તરફ આગળ વધી રહી છે. કેન્દ્ર સરકારની PM USHA યોજના હેઠળ યુનિવર્સિટીએ એવા એડ્વાન્સ STEM કોર્સોને લીલી ઝંડી આપી છે, જે સીધા આંતરરાષ્ટ્રીય રોજગાર બજારની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયા છે.

આ નિર્ણય માત્ર નવા કોર્સ શરૂ કરવાનો નથી, પરંતુ સમગ્ર યુનિવર્સિટી શિક્ષણ મોડલને "ડિગ્રીથી ડાયરેક્ટ કેરિયર" તરફ ફેરવવાનો પ્રયાસ માનવામાં આવી રહ્યો છે. અત્યાર સુધી પરંપરાગત અભ્યાસક્રમો સુધી મર્યાદિત રહેલી યુનિવર્સિટી હવે ટેક્નોલોજી, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ડેટા સાયન્સ, રોબોટિક્સ અને ક્લાઇમેટ ટેક્નોલોજી જેવા ભવિષ્યલક્ષી ક્ષેત્રોમાં વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્પર્ધા માટે તૈયાર કરશે. સુરત અત્યાર સુધી ટેક્સટાઇલ, ડાયમંડ અને MSME ઉદ્યોગો માટે ઓળખાતું રહ્યું છે. પરંતુ નવી પેઢીના ઉદ્યોગોમાં ક્લાઉડ કમ્પ્યુટિંગ, ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, બાયોટેક અને ઓટોમેશન ઝડપથી વધી રહ્યા છે. VNSGU દ્વારા શરૂ કરાયેલા કોર્સો આ નવા ઇન્ડસ્ટ્રિયલ ટ્રેન્ડને અનુરૂપ માનવામાં આવી રહ્યા છે. વિશેષજ્ઞો માને છે કે જો કોર્સોનું અસરકારક અમલીકરણ થશે તો સુરત આગામી પાંચ વર્ષમાં "સ્કિલ-બેઝ્ડ ટેક્નોલોજી એજ્યુકેશન હબ" તરીકે ઉભરી શકે છે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે આ કોર્સો માત્ર થિયરી આધારિત નહીં પરંતુ ઇન્ડસ્ટ્રી-લિન્ક્ડ અને પ્રોજેક્ટ આધારિત રહેશે.

### આ છ કોર્સ બદલશે વિદ્યાર્થીઓનું ભવિષ્ય

#### ક્લાઉડ આર્કિટેક્ચર

આ કોર્સ હેઠળ AWS, ક્લાઉડ સિક્યોરિટી, સર્વર મેનેજમેન્ટ અને નેટવર્કિંગનું તાલીમ આધારિત જ્ઞાન અપાશે. વિશ્વભરમાં IT કંપનીઓમાં ક્લાઉડ એન્જિનિયર્સની માંગ ઝડપથી વધી રહી હોવાથી વિદ્યાર્થીઓને સીધી રોજગારીની તકો મળશે.

#### બાયોઇન્ફોર્મેટિક્સ

બાયોલોજી અને કમ્પ્યુટર સાયન્સનું સંયોજન ધરાવતા આ કોર્સમાં ડીએનએ એનાલિસિસ, મેડિકલ ડેટા રિસર્ચ અને હેલ્થ ટેક્નોલોજી પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. ફાર્મા અને રિસર્ચ ઇન્ડસ્ટ્રી માટે આ ક્ષેત્ર અત્યંત મહત્ત્વનું બની રહ્યું છે.

#### ક્વોન્ટમ કમ્પ્યુટિંગ

આ કોર્સ વિદ્યાર્થીઓને નેક્સ્ટ જનરેશન કમ્પ્યુટિંગ ટેક્નોલોજી સાથે પરિચિત કરશે. સુપર ફાસ્ટ અલ્ગોરિધમ્સ, ક્રિપ્ટોગ્રાફી અને ક્વોન્ટમ સિસ્ટમ્સ જેવા વિષયો ભણાવવામાં આવશે, જે ભવિષ્યની સૌથી મોટી ટેક્નોલોજી ક્રાંતિ માનવામાં આવે છે.

### પ્લેસમેન્ટ રેશિયો વધારવા પર ફોકસ

યુનિવર્સિટી સત્તાધીશો અનુસાર નવા કોર્સોનો મુખ્ય હેતુ માત્ર અભ્યાસ નહીં પરંતુ ઉચ્ચ પગારવાળી નોકરીઓ માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવાનો છે. કેમ્પસ પ્લેસમેન્ટ સિસ્ટમને પણ ઇન્ડસ્ટ્રી પાર્ટનરશિપ સાથે વધુ મજબૂત બનાવવાની તૈયારી ચાલી રહી છે. ખાસ કરીને IT, હેલ્થ-ટેક, ડેટા એનાલિટિક્સ અને ઓટોમેશન ક્ષેત્રે વૈશ્વિક સ્તરે નિષ્ણાતોની ભારે માંગ હોવાથી આ કોર્સો વિદ્યાર્થીઓ માટે "જોબ-રેડી" પ્લેટફોર્મ સાબિત થઈ શકે છે.

#### મેકાટ્રોનિક્સ

મિકેનિકલ અને ઇલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગનું મિશ્રણ ધરાવતા આ અભ્યાસક્રમમાં ઓટોમેશન, રોબોટિક્સ અને સ્માર્ટ મશીનરી પર વિશેષ ભાર મૂકવામાં આવશે. ઉદ્યોગોમાં વધતી ઓટોમેશન પ્રક્રિયાને કારણે આ ક્ષેત્રમાં વિશાળ રોજગાર સંભાવનાઓ ઊભી થઈ રહી છે.

#### એન્વાયરન્મેન્ટલ ડેટા સાયન્સ

ક્લાઇમેટ ચેન્જ અને પર્યાવરણ સંબંધી ડેટાના વિશ્લેષણ માટે GIS મેપિંગ, સેટેલાઇટ ડેટા અને ગ્રીન ટેક્નોલોજીનો અભ્યાસ કરાવવામાં આવશે. ભવિષ્યમાં ગ્રીન જોબ્સ માટે આ કોર્સ ખૂબ મહત્ત્વનો બની શકે છે.

### વહીવટી મંજૂરીની પ્રક્રિયા અંતિમ તબક્કામાં

નવી એડહોક બોર્ડ ઓફ સ્ટડીઝની રચના સહિતની ભલામણોને એકેડેમિક કાઉન્સિલે મંજૂરી આપી દીધી છે. ત્યારબાદ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે પણ સૈદ્ધાંતિક સ્વીકાર આપીને ફાઇલ અંતિમ મંજૂરી માટે બોર્ડ ઓફ મેનેજમેન્ટને મોકલી આપી છે.

#### નેનોટેક્નોલોજી

પરમાણુ અને અતિ સૂક્ષ્મ સ્તરે મટિરિયલ ડિઝાઇન અને મેડિકલ સાધનોના વિકાસ માટે આ કોર્સ તૈયાર કરવામાં આવ્યો છે. હેલ્થકેર, ડિફેન્સ અને મટિરિયલ સાયન્સ ક્ષેત્રમાં આ ટેક્નોલોજીનું વિશેષ મહત્ત્વ છે.

### ખેતીવાડી અધિકારી અને ખાતર-બીજના ડિલર્સ વચ્ચે સાંઠગાંઠ

સુરતઃ સુરત જિલ્લાના ઓલપાડ અને ચોર્યાસી તાલુકા સહિત સમગ્ર જિલ્લામાં ખેતીવાડી વિભાગના અધિકારીઓ અને ખાતર-બીજના ડીલરો વચ્ચેના મેળાપીપણાંથી ખેડૂતો સાથે છેતરપિંડી થતી હોવાના આક્ષેપો થયા હતા. ગુજરાત સરકારના મુખ્યમંત્રીને લેખિતમાં પુરાવા સાથે રજૂઆત કરી તાત્કાલિક તપાસ અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. જે સંદર્ભે સરકાર દ્વારા તપાસના આદેશ કરાયા છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયક દ્વારા સુરત જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ખેડૂતોને ખેતી માટેની સામગ્રી, સહાય યોજનાઓ તેમજ કૃષિ સંબંધિત પ્રક્રિયાઓમાં ગેરરીતિઓનો ભોગ બનવું પડી રહ્યું હોવાનું જણાવાયું હતું. કોંગ્રેસના નેતાએ આક્ષેપ કર્યો હતો કે ખેતીવાડી વિભાગના કેટલાક અધિકારીઓ અને ડીલરો વચ્ચેની સાંઠગાંઠના કારણે ખેડૂતોને આર્થિક નુકસાન ભોગવવું પડી રહ્યું છે. આ રજૂઆતને ગંભીરતાથી લઈને મુખ્યમંત્રી કાર્યાલયે પણ કાર્યવાહી હાથ ધરી છે.

# ધારાસભ્ય સંદીપ દેસાઈનો આજે જન્મદિવસ સેવા પર્વ તરીકે ઉજવાશે

**સંદીપ** દેસાઈએ વિદ્યાર્થી જીવનથી રાજકારણમાં પ્રવેશ કર્યો હતો, એમટીબીના જીએસથી શરૂ કરીને ધારાસભ્ય બન્યા

**સંદીપ** દેસાઈ એપીએમસીના પ્રમુખથી માંડીને સુમુલ ડેરી, ડિસ્ટ્રિક્ટ બેંક સહિત અનેક સંસ્થા સાથે સંકળાયેલા



સુરતઃ સુરત એપીએમસી, સુમુલ ડેરી, ડિસ્ટ્રિક્ટ બેંક, ચલથાણ સુગર સહિત અનેક સહકારી સંસ્થાઓ અને શૈક્ષણિક ક્ષેત્ર સાથે સંકળાયેલા ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદીપ દેસાઈનો આવતીકાલે તા.22મી મેના રોજ જન્મદિવસ છે. સંદીપ દેસાઈ દ્વારા આજે પોતાનો ૫૪મો જન્મદિવસ વિવિધ સેવાકીય કાર્યો સાથે ઉજવવાની જાહેરાત કરવામાં આવી છે. મૂળ કનસાડ ગામના ખેડૂત પરિવારમાં જન્મેલા સંદીપ દેસાઈએ વિદ્યાર્થી જીવનથી જ રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. ૧૯૯૨માં એમ.ટી.બી આર્ટ્સ કોલેજમાં જીએસ તરીકે ચૂંટાયા બાદ તાલુકા પંચાયત સભ્યથી લઈને જિલ્લા ભાજપ પ્રમુખ સુધીની જવાબદારી સફળતાપૂર્વક નિભાવી હતી. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ચોર્યાસી બેઠક પરથી ૧.૮૬ લાખથી વધુ મતોની લીડ સાથે વિજય મેળવી રાજ્યમાં બીજા ક્રમે રહ્યા હતા. તેઓ એપીએમસીના પ્રમુખ પણ છે. આજે તેમના જન્મદિવસ નિમિત્તે વેસુ સિદ્ધિવિનાયક મંદિર દર્શન, ગૌ સેવા, રક્તદાન શિબિર, વરિષ્ઠ નાગરિકો માટે દ્વારકા યાત્રા, સિવિલ હોસ્પિટલમાં પોષણ કીટ વિતરણ, આશ્રયસ્થાનોમાં ભોજન પ્રસાદ અને વૃદ્ધાશ્રમમાં મહાઆરતી જેવા સેવાકીય કાર્યક્રમો યોજાશે

# CISFએ 2.50 લાખ-દાગીના ભરેલી બેગ મુસાફરને પરત કરી

**પ્રમાણિક** અને ફરજ નિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ, મુસાફરે વિડીયો સંદેશ દ્વારા આભાર વ્યક્ત કર્યો



સુરતઃ સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યોરિટી ફોર્સ દ્વારા સુરત એરપોર્ટ પર ફરી એકવાર સતર્કતા અને ઈમાનદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. સીઆઈએસએફના જવાનોએ મહિલા મુસાફરનો લાખો રૂપિયાની રોકડ તથા કીમતી દાગીનાથી ભરેલી હેન્ડબેગ સુરક્ષિત રીતે પરત આપી પ્રશંસનીય કામગીરી કરી હતી.

મળતી માહિતી મુજબ તા.21 મે-2026ના રોજ સાંજે અંદાજે 7:20 વાગ્યે સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટના સિટી સાઈડ પાર્કિંગ વિસ્તારમાં એક હેન્ડબેગ લાવારિસ હાલતમાં મળી આવ્યો હતો. ડ્યૂટી પર હાજર સીઆઈએસએફના જવાનોએ તાત્કાલિક સુરક્ષા પ્રોટોકોલ અનુસાર બેગને પોતાના કબજામાં લઈ તપાસ પ્રક્રિયા હાથ ધરી હતી. તપાસ દરમિયાન બેગના માલિક તરીકે કવિતા અગ્રવાલની ઓળખ થઈ હતી. તેઓ ઈન્ડિગોની ફ્લાઈટ નં.6E-6399 દ્વારા કોલકાતાથી સુરત આવ્યા હતા.

મુસાફર સીટ નં.3C પર મુસાફરી કરી રહ્યા હતા. ચકાસણી દરમિયાન જાણવા મળ્યું હતું કે, હેન્ડબેગમાં અંદાજે રૂ.2.50 લાખની રોકડ રકમ ઉપરાંત કીમતી દાગીના પણ રાખવામાં આવ્યા હતા. ત્યારબાદ સીઆઈએસએફ ટીમે તાત્કાલિક મુસાફરનો સંપર્ક સાધી જરૂરી ઓળખ અને દસ્તાવેજી કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ બેગ સુરક્ષિત રીતે પરત સોંપ્યો હતો.

પોતાનો કીમતી સામાન સુરક્ષિત મળતાં મહિલા મુસાફરે સીઆઈએસએફના જવાનોની ઈમાનદારી, ઝડપી કામગીરી અને વ્યવસાયિક ફરજ નિભાવવાની ભાવનાની પ્રશંસા કરી હતી.

# ઉન ખાતે રહેતી MAની વિદ્યાર્થિનીએ ફાંસો ખાધો

**પિતા** માત્ર અડધો કલાક માટે બહાર ગયા હતા

સુરતઃ ઉનમાં MAની વિદ્યાર્થિનીએ ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. દીકરીને મૂકીને બહાર ગયેલા પિતા અડધા કલાક બાદ પરત આવીને જોયું તો દીકરીએ આત્મહત્યાનું પગલું ભરી લીધું હતું. દીકરીને જોઈને પિતાના પગ નીચેની જમીન સરકી ગઈ હતી.

મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની બલરાજ બડોદરિયા હાલ ઉન સચિન જીઆઈડીસી નાકા પાસે આવેલ તિરુપતિ બાલાજી ટાઉનશિપમાં ત્રણ સંતાન સહિતના પરિવાર સાથે રહે છે. તે લેબર કોન્ટ્રાકટર તરીકે કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. બલરાજના સંતાન પૈકી એકની એક 26 વર્ષીય પુત્રી શિવાની VNSGU માંથી એક્સટર્નલ તરીકે MAનો અભ્યાસ કરતી હતી. બુધવારે બપોરે શિવાનીએ તેના રૂમમાં પંખા સાથે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. શિવાનીએ ક્યાં કારણસર આત્મહત્યા કરી તે અકબંધ છે.


इंडियन बैंक Indian Bank | इलाहाबाद ALLAHABAD

ઝોનલ ઓફિસ સુરત : ૧૦૧-૧૦૨, ત્રીજો માળ, વેસ્ટ ફિલ્ડ સ્કેવર, સુરત-૩૯૫૦૦૭

**ઈ-હરાજી વેચાણ નોટિસ સ્થાવર મિલકતોના વેચાણ માટે (જુઓ પ્રોવિસો નિયમ ૮(૬)) એનેક્ષર-II**

Bank Website | E-Auction Website

ધી સીક્યુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શીયલ એસેટસ્ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨, જેને સીક્યોરીટી ઈન્ટરેસ્ટ (એનર્ફોસમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૮(૬) ની જોગવાઈ સહિત વંચાણે લેતા નીચે જણાવેલ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી. આથી જાહેર જનતા ને સાધારણ રીતે અને નીચે જણાવેલ કરજદાર(રો) અને જામીનદાર(રો) ને વિશેષ રીતે જણાવવાનું કે નીચે મુજબની સ્થાવર મિલકતો ઈંડિયન બેંક પાસે ગિરવે રાખેલ / ચાર્જ કરેલ છે. જે સ્થાવર મિલકતોનો સાંકેતિક /પ્રત્યક્ષ કબજો ઈંડિયન બેંક ના અધિકૃત અધિકારી દ્વારા લઈ લેવામાં આવેલ છે. સિક્યોર્ડ ક્રેડિટર દ્વારા જે તમામ ને ''જેમ છે જયાં છે અને જેવી છે તેવી છે'' ના ધોરણે તારીખ 08/07/2026 ના રોજ નીચે જણાવેલ ખાતાઓ પાસે લેવાની રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે. કરજદારો/જામીનદારો/મિલકતો/અનામત કિમંત/ઈએમડી અને ઈ-ઓકશનની તારીખની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ નં. | શાખા | કરજદાર/જામીનદારો/મોર્ગેજરોના નામ | કુલ બાકી | ડિમાન્ડ નોટીસની તારીખ | સાંકેતિક / પ્રત્યક્ષ કબજા હેઠળની સ્થાવર મિલકતનું ચતુઃ દિશા સહિતનું વર્ણન તેમજ અન્ય બોજા ની વિગત, જો કોઈ હોય તો. | કબજાનો પ્રકાર | અનામત કિમંત / ઈએમડી (In Rs.) | મિલકતનો ID નંબર. | અધિકૃત અધિકારીનું નામ અને મો.નં. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ન્યુ અડાજણ સુરત | (૧) શ્રી શાંતારામ રાજારામ તાઈડે (કરજદાર અને મોર્ગેજર), (૨) શ્રીમતિ લલિતાબેન શાંતારામ તાઈડે (કરજદાર અને મોર્ગેજર) | રૂા.૧૦,૩૬,૩૨૯.૬૦ તા.૧૬/૦૫/૨૦૨૬ ના રોજની બાકી | ૧૨/૦૧/૨૦૨૬ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત પ્લોટ નં. ૩૯ (ગામ ફોર્મ નં. ૭/૧૨ મુજબ, બ્લોક/રેવન્યુ સર્વે નં. ૩૭૨/૩૯, માપ ૪૦.૧૫ ચો.મીટર્સ) ''દ્વારકા રેસીડેન્સી'', સ્થળ મુજબ માપ ૪૨.૯૨ ચો. મીટર્સ, રોડ અને સીઓપી માં અવિભાજીત પ્રમાણસર હિસ્સા સહિતનું માપ ૨૩.૬૭ ચો. મીટર્સ, તેને લગતા તમામ સામાન સાથે જે સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં. ૧૦૨, બ્લોક નં. ૩૭૨ અને રેવન્યુ સર્વે નં. ૧૦૩, બ્લોક નં. ૩૭૮, એકીકૃત નવો બ્લોક નં. ૩૭૨, જે સ્થિત ગામ: કારેલી, તાલુકો: પલસાણા, જિલ્લો: સુરત. જે મિલકત શ્રી શાંતારામ રાજારામ તાઈડે અને શ્રીમતિ લલિતાબેન શાંતારામ તાઈડે ના નામે છે. ચર્તુદિશાઃ ઉત્તરેઃ જોડાયેલ પ્લોટ નં. ૪૦, દક્ષિણેઃ જોડાયેલ અન્ય મિલકત, પૂર્વેઃ જોડાયેલ પ્લોટ નં.૩૮, પશ્ચિમેઃ જોડાયેલ ખુલ્લી જગ્યા. | સાંકેતિક | 9,17,000/- / 91,700/- | IDIB3277860946 | Mr. Tikendra Verma (M) 9131718982 |
| ૨. | ભરૂચ | (૧) શ્રી પઠાણ ઈરફાન કાલુભાઈ (કરજદાર અને મોર્ગેજર) (૨) શ્રીમતિ શબાના ઈરફાન પઠાણ (સહ-કરજદાર અને મોર્ગેજર) | રૂા.૧૨,૭૬,૩૫૩.૦૫ તા.૨૦/૦૫/૨૦૨૬ ના રોજની બાકી | ૦૯/૦૨/૨૦૨૬ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેણાંક મિલકત પ્લોટ નં. ૧૦, સનસીટી, જેના વિસ્તાર માપ ૭૮.૨૪ ચો.મીટર્સ, જે સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં.૫૧, જાહેરાત બાદ નવો રેવન્યુ સર્વે નં. ૧૫૩, સાનિધ્ય રો હાઉસ સામે, ડ્રીમ સીટી નજીક, જીતાલી રોડ, દઘાલ, અંકલેશ્વર, જિલ્લો: ભરૂચ, ગુજરાત-૩૯૩૦૦૩ જે મિલકત શ્રી પઠાણ ઈરફાન કાલુભાઈ અને શ્રીમતિ શબાના ઈરફાન પઠાણ ના નામની. મિલકતની ચર્તુદિશાઃ ઉત્તરેઃ જોડાયેલ રે. સર્વે નં., દક્ષિણેઃ સોસાયટીનો આંતરીક રસ્તો, પૂર્વેઃ પ્લોટ નં. ૦૯, પશ્ચિમેઃ જોડાયેલ રે. સર્વે નં. | સાંકેતિક | 13,41,000/- / 1,34,100/- | IDIB3304347006 | Mr. Rajendra Kumar Meena (M) 9945790204 |

**બીડ વધારવાની કિમંતઃ રૂા.૧૦,૦૦૦/- | ઈચ્છુક બિડરો/ખરીદારોએ ઈએમડીની રકમ પોર્ટલના તેમના ગ્લોબલ ઈએમડી વોલેટમાં તા.૦૮/૦૭/૨૦૨૬ સુધીમાં ટ્રાન્સફર કરવાના રહેશે, એટલે કે, ઈ-ઓકશન તારીખ અને સમય પહેલા.**

**મિલકત નિરીક્ષણની તારીખ અને સમય : ૨૨/૦૫/૨૦૨૬ થી ૦૭/૦૭/૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ કલાક દરમ્યાન ઈ-ઓકશનની તારીખ અને સમય : ૦૮/૦૭/૨૦૨૬ સવારે ૧૦.૦૦ થી બપોરે ૫.૦૦ (દરેક માટે ૧૦ મિનીટસના અનલિમીટેડ વિસ્તરણ સાથે)**

Bidders are advised to visit the website (https://baanknet.com) of our e auction service provider PSB Alliance Pvt. Ltd to participate in online bid. For Technical Assistance Please call PSB Alliance Pvt. Ltd Helpdesk No. 8291220220, email ID:- support.baanknet@psballiance.com and other help line numbers available inservice providers help desk. For Registration status with PSB Alliance Pvt.Ltd. and EMD status, please contact support.baanknet@psballiance.com. For property details and photograph of the property and auction terms andconditions please visit: https://baanknet.com and for clarifications related to this portal, please contact Helpdesk No.8291220220 Bidders are advised to use Property ID Number mentioned above while searching for the property in the website with https://baanknet.com.

તારીખઃ ૨૨/૦૫/૨૦૨૬,
સ્થળઃ સુરત.

સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ દેણદારો/ ગિરવેદારોને ૩૦ દિવસની વેચાણ નોટિસ
(વેચાણ નોટીસના અંગ્રેજી ભાષા કરતા જો અન્ય ભાષામાં હોય તો, કોઈપણ કાયદાકીય ગૂચવણ હેતુ, અંગ્રેજી ભાષાની નોટીસ જ માન્ય રહેશે)

અધિકૃત અધિકારી,
ઈંડિયન બેંક.